ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### હોદ્દેદારોની વરણીને લઈ રાજકીય ગરમાવો, સંગઠન કે ગોડફાધર કોનું પલ્લું ભારે ?

## નગરપાલિકાઓમાં પ્રમુખ-ઉપપ્રમુખને લઈને સસ્પેન્સ

**યુવા** અને શિક્ષિત ચહેરાઓને તક મળે તેવી લોક અપેક્ષા, આવનારી વિધાનસભા ચૂંટણીના સમીકરણો પર પણ નજર

**નવા** હોદ્દેદારોની વરણી: વડોદરા જિલ્લાના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા જિલ્લાની વિવિધ નગરપાલિકાઓમાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, દંડક તેમજ પક્ષના નેતાની વરણીને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા અને સસ્પેન્સનો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી અઠવાડિયામાં હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત થવાની શક્યતા વચ્ચે રાજકીય આગેવાનો દ્વારા સૂચવાયેલા નામોને પ્રાથમિકતા અપાશે કે પછી સંગઠન પોતાની વ્યૂહરચના મુજબ અંતિમ મહોર મારશે તે મુદ્દે સૌની નજર મંડાઈ છે.

તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વડોદરા જિલ્લાની નગરપાલિકાઓમાં અનેક નવા અને યુવા ચહેરાઓ વિજેતા બન્યા છે. કેટલાક ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતા તેમની રાજકીય પકડ પણ મજબૂત માનવામાં આવી રહી છે. સ્થાનિક સ્તરે લોકોમાં એવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે કે સ્વચ્છ છબી, પારદર્શક વહીવટ અને વિકાસલક્ષી દૃષ્ટિકોણ ધરાવતા શિક્ષિત પ્રતિનિધિઓને મહત્વના હોદ્દાઓ પર તક આપવામાં આવશે.

રાજકીય સૂત્રોના જણાવ્યા મુજબ જિલ્લાની વિવિધ પાલિકાઓમાં પ્રમુખ પદ માટે ત્રણથી ચાર નામોની પેનલ ચર્ચામાં છે, જ્યારે ઉપપ્રમુખ પદ માટે પણ મહિલા ઉમેદવારો સહિત બે થી ત્રણ નામો સક્રિય ચર્ચામાં હોવાનું જાણવા મળે છે. તે જ રીતે કારોબારી ચેરમેન પદ માટે સંગઠનના વિશ્વાસુ તેમજ પ્રભાવશાળી ગોડફાધરોના સમર્થન ધરાવતા નામો રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે.

સંગઠન દ્વારા સામાજિક સમીકરણો, પ્રાદેશિક પ્રતિનિધિત્વ અને આવનારા રાજકીય પડકારોને ધ્યાનમાં રાખીને હોદ્દેદારોની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. સ્થાનિક આગેવાનો અને કાર્યકરોમાં પણ કોણ કયા હોદ્દા સુધી પહોંચશે તે અંગે ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

રાજકીય વિશ્લેષકોના મતે નગરપાલિકાઓમાં થનારી આ વરણીનો સીધો પ્રભાવ આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીના સમીકરણો પર પણ પડી શકે છે. ખાસ કરીને કરજણ,

સાવલી, ડભોઈ, ડેસર સહિતના વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં યોગ્ય સામાજિક અને રાજકીય સંતુલન જાળવતી વરણી પક્ષને ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થઈ શકે છે. આથી પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન સહિતના હોદ્દાઓ માટે માત્ર રાજકીય ગણિત જ નહીં પરંતુ સમાજિક સંતુલન, પ્રાદેશિક પ્રતિનિધિત્વ, યુવા નેતૃત્વ અને સંગઠન પ્રત્યેની વફાદારી જેવા મુદ્દાઓને પણ મહત્વ આપવામાં આવી રહ્યું હોવાનું માનવામાં આવે છે.

## વડુમાં અરજીની અદાવત રાખી વૃદ્ધ પર હુમલો, ત્રણ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) પાદરા.તા.14

પાદરા તાલુકાના વડુ ગામમાં પંચાયતમાં કરાયેલી દબાણ બાબતની અરજીની અદાવત રાખી વૃદ્ધ પર હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. બનાવ અંગે વડુ પોલીસ મથકે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર વડુ દિવાન ફળીયામાં રહેતા આબેદશા કાલુશા દિવાન (ઉ.વ.૭૯) એ વડુ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ શાગીર યાકુબ દિવાન, શહેબાજ શાગીર દિવાન અને શહેનાજબાનું શાગીર દિવાને અગાઉ પંચાયતમાં કરાયેલી અરજીની રીસ રાખી ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. ફરિયાદ મુજબ આરોપીઓએ વૃદ્ધ ફરીયાદીને ધક્કો મારી નીચે પાડી ગડદાપાટુનો માર માર્યો હતો.

### સ્વિફ્ટ, ઇકો અને બાઇક વચ્ચે સર્જાયો અકસ્માત

## છોટાઉદેપુર નજીક પુનીયાવાંટ ગામે ગમખ્વાર અકસ્માત, 1નું મોત



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.14

છોટાઉદેપુર જિલ્લામાં અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે છોટાઉદેપુર નજીક આવેલા પુનીયાવાંટ ગામે એક હૃદયદ્રાવક અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક સ્વિફ્ટ ડિઝાયર કાર, ઈકો ગાડી અને મોટરસાયકલ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ત્રિપક્ષીય અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક પર સવાર એક યુવતીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ચારથી પાંચ લોકોને નાની-મોટી અને ગંભીર ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી અનુસાર, છોટાઉદેપુરના પુનીયાવાંટ ગામના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ રહેલી સ્વિફ્ટ ડિઝાયર કાર અને ઈકો ગાડી વચ્ચે કોઈ કારણસર ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ જ સમયે માર્ગ પરથી પસાર થઈ રહેલું બાઈક પણ આ બંને વાહનોની ઝપેટમાં આવી ગયું હતું. અકસ્માત એટલો તીવ્ર હતો કે વાહનોના કુરચેકુરચા ઊડી ગયા હતા. અકસ્માતને પગલે બાઈક પર સવાર યુવતી રોડ પર પટકાતા તેને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું.

### સુસ્કાલ ગામે આદિવાસી સંસ્કૃતિનો મહામેળો

## 70 વર્ષ બાદ ઉજવાયેલા 'ગામ સાઈ ઈન્દ' પર્વમાં હજારો લોકો ઉમટ્યા





(પ્રતિનિધિ) બોડેલી, તા.14

છોટાઉદેપુર જિલ્લાના સુસ્કાલ ગામે લગભગ 70 વર્ષ બાદ આદિવાસી સંસ્કૃતિ અને આસ્થાનું પ્રતિક ગણાતા 'ગામ સાઈ ઈન્દ' પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પેઢીઓથી જળવાતી આ પરંપરાગત ઉજવણીને નિહાળવા માટે સુસ્કાલ સહિત આસપાસના વિસ્તારોમાંથી હજારો લોકો ઉમટી પડ્યા હતા. સમગ્ર ગામ ધાર્મિક અને સાંસ્કૃતિક રંગે રંગાઈ ગયું હતું.

આ પર્વ માત્ર ધાર્મિક ઉજવણી નહીં પરંતુ આદિવાસી સમાજની જીવનશૈલી, પરંપરા અને પ્રકૃતિ પ્રત્યેની આસ્થાનું જીવંત પ્રતિબિંબ હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. પર્વ દરમિયાન ગામના દેવી-દેવતાઓ, પૂર્વજો અને પ્રકૃતિ માતાની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. સાથે જ દેવોની 'પેઢી બદલવા'ની પ્રાચીન વિધિ પણ વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન કરવામાં આવી હતી.

સુસ્કાલ ગામના ચોકમાં પૂજારીઓ દ્વારા દેવોના નવા ઘોડાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ અવસરે આદિવાસી ભાઈઓ અને બહેનો પરંપરાગત વેશભૂષા અને આભૂષણોથી સજ્જ થઈ ઉત્સવમાં જોડાયા હતા. ઢોલ-નગારા અને તીરકામઠાના નાદ વચ્ચે યુવાનો દ્વારા રજૂ કરાયેલા પરંપરાગત 'ટીમલી' નૃત્યે સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

મેળામાં આદિવાસી સંસ્કૃતિ દર્શાવતા સેલ્ફી પોઈન્ટ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા, જ્યાં યુવાનોની ભારે ભીડ જોવા મળી હતી. 13 મેના રોજ યોજાયેલા મુખ્ય મેળામાં ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના હરિભાઈ કાતરીયા રાજકીય નેતાઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વાયરલ વીડિયો બાદ પોલીસ એક્શનમાં

## માલસર દાદાગીરી કેસના 3 આરોપી ઝડપી પાડતી પોલીસ



(પ્રતિનિધિ) શિનોર, તા.14

શિનોર તાલુકાના માલસર ગામે બનેલી દાદાગીરીની ઘટનામાં શિનોર પોલીસ દ્વારા ઝડપભેર કરવામાં આવેલી કાર્યવાહી ચર્ચાનો વિષય બની છે. ખાસ કરીને શિનોર પોલીસ સ્ટેશનના PI આર.આર. વસાવાના માર્ગદર્શન હેઠળ પોલીસે ત્વરિત અને અસરકારક કામગીરી કરી આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

માલસર ગામે એક પરિવાર સાથે થયેલી દાદાગીરી અને હુલ્લડના વાયરલ વીડિયોના મામલે પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી. ઘટના અંગે ફરિયાદ નોંધાતા જ શિનોર પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. PI આર.આર. વસાવાના નેતૃત્વ હેઠળ પોલીસે ટેકનિકલ તથા મેદાની તપાસના આધારે છ પૈકી ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. જેમાં વિજય માછી, શૈલેષ વસાવા અને દિલીપભાઈ માછીની ધરપકડ કરવામાં આવી છે. બાકીના ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પણ શિનોર પોલીસ દ્વારા ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે પોલીસની ઝડપી કાર્યવાહીથી સ્થાનિક વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મદદ મળી હોવાનું પણ જોવા મળી રહ્યું છે.૯

## શિનોર : 75 લાખ બ્લેકમેલિંગ કેસના વધુ બે આરોપી જેલના સળિયા પાછળ

**મુખ્ય** આરોપી મનીષા વસાવા અને અહેમદ પઠાણ ઝડપાયા



(પ્રતિનિધિ) શિનોર, તા.14

શિનોર પોલીસ મથકે તારીખ 6 ફેબ્રુઆરી 2026 ના રોજ શિનોરના ફરિયાદી હરેશ રણછોડ પટેલે 9 (નવ) આરોપીઓ સામે રૂપિયા 75,75,550 બ્લેકમેલિંગ કરી લઈ ગયા ની ફરિયાદ કરી હતી. જેની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. ડી.આર.ભાદરકા કરી રહ્યા હતા. બે આરોપી અનવર મન્સૂરી અને સલીમ ઉર્ફે બતક ની ધરપકડ કરી રિમાન્ડ દરમિયાન 4,18,000 નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પછી આરોપી આશિક સિકંદર પઠાણ જેના હાથે આ તમામ રૂપિયા અપાયા હતા તેની ધરપકડ કરી રિમાન્ડ દરમિયાન 14 લાખનો રોકડ સહિત મુદ્દા માલ કબજે કર્યો હતો. ચોથા આરોપી આશિક પઠાણનો પુત્ર અશફાક પઠાણના રિમાન્ડ પુરા થતાં જામીન પર મુક્ત થયેલ હતો.

નવા પી.આઈ.આર.આર. વસાવાએ ચાર્જ લીધો. એ દરમિયાન તપાસમાં ખુલેલ અન્ય મુખ્ય આરોપી શૈલેષ વસાવા ને LCB પોલીસે ઝડપી શિનોર પોલીસને સોંપેલ છે. રિમાન્ડ દરમિયાન શૈલેશ વસાવા પાસેથી 2,13,000 ની લકી, રૂપિયા 5 લાખની ગાડી 40,000 રોકડા તથા 3 લાખના ઘરેણા સીઝ કરવામાં આવેલ છે. આમ અત્યાર સુધી કુલ રૂપિયા 28,68,000 રીકવર થયા. રિમાન્ડ દરમિયાન ખુલેલા અન્ય પાંચ આરોપીઓ જેમાં આકાશ વસાવા (મનીષા નો બનેવી ), પ્રકાશ વસાવા (સહેલીનો પતિ), હરદીપસિંહ ધરીયા (મનીષાનો ભાઈ), નિશાબેન વસાવા (મનીષા ની સહેલી), લક્ષ્મીબેન ઠાકોર પટેલ (મનીષાની માતા) શિનોર પોલીસે ઝડપી પાડી 16,500 નો મુદ્દા માલ અને એક મોબાઈલ જપ્ત કરેલ છે.

### આધુનિક મશીન છતાં ગટરની સફાઈમાં વેઠ

## કરજણ નગરમાં પ્રિમોન્સૂન કામગીરી ઉપર ઉઠ્યા સવાલો

**ગયા** વર્ષે ગટરો ઉભરાઈ હતી, શું આ વર્ષે રાહત મળશે?



(પ્રતિનિધિ) કરજણ, તા.14

કરજણ નગરપાલિકા વિસ્તારમાં હાલમાં ગાંધીનગર થી આવેલ આધુનિક જેટિંગ મસીન દ્વારા નગરની ગટરો સાફ કરવામાં આવી રહી છે અનુમાન છે કે ચોમાસા પહેલાની પ્રિમોન્સૂન કામગીરી નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે ગત વર્ષે પણ આજ મસીન દ્વારા ગટરો સાફ કરવામાં આવી હતી તેમ છતાં નગરપાલિકાના અનેક વિસ્તારોમાં ચોમાસાના પાણી ભરાવવાની સમશ્યાઓ જોવા મળી હતી અને ચાલુ વરસાદે ગટરો પણ ઉભરાઈ વહેતી જોવા મળી હતી તેમ છતાં ચાલુ વર્ષે એજ મસીન દ્વારા ગટરો સાફ થતી જોવા મળી રહી છે પરંતુ આધુનિક મસીન દ્વારા વિસ્તારોમાં આવેલી ગટરો માંથી 2..3 ગટરોના ઢાકના ખોલી સાફ કરવામાં આવી રહ્યું છે તો સુ બીજી તરફની ગટરો સાફ હશે પાલિકા દ્વારા જો યોગ્ય દેખરેખ આપી નગરની બધી ગટરો સાફ થાય તેમજ વરસાદી ગટરો પણ સાફ થાય જેથી ચોમાસા દરમિયાન નગર જનોને પાણી ભરાવવાની તકલીફોમાં થોડા અંશે રાહત મળી રહેશે.

## પરંપરાગત વાદ્યોના તાલે આદિવાસીઓ આસ્થાભેર ઉજવ્યો બાબા ઈંદ ઉત્સવ

**પ્રકૃતિના** રક્ષણ અને સુખ-સમૃદ્ધિની કામના: પાણીબાર ગામે સદીઓ જૂની પરંપરા જીવંત થઈ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.14

આદિવાસી બાહુલ્ય ધરાવતા છોટાઉદેપુર જિલ્લાના પાણીબાર ગામે પરંપરાગત "બાબા ઈંદ" ની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. આ ઉત્સવ આદિવાસી સંસ્કૃતિ, પ્રકૃતિ પૂજા અને પરંપરાઓનું એક અનોખું પ્રતીક છે. પ્રકૃતિ અને દેવોની પૂજા આ ઉત્સવમાં આદિવાસી સમાજ દ્વારા પ્રકૃતિના તત્વો ધરતી માતા,આકાશ,વાયુ, અગ્નિ,પાણી સહિત ગામ ના આદિ દેવસ્થાનો ની પૂજા કરી ગામ માં સૌ સાજા માજા રહે, ઢોર ઢાખર તેમજ તમામ જીવો ના કલ્યાણ અર્થે તેમજ ખેતી પાક સારો ઉતરે જેને વાડી લીલી રહે તેવું પણ કહેવામાં આવે છે અને ગામ માં સુખ સમૃદ્ધિ નુ સામ્રાજ્ય બનેલું રહે એવી આસ્થા અને કામના ઓ સાથે આસ્થા ભેર બાબા ઈંદ ની ઉજવણી કરવામાં આવી હતી.

સાંસ્કૃતિક નૃત્યો ઉત્સવ દરમિયાન આદિવાસી પુરુષો અને મહિલાઓ તેમના પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને ઢોલ-નગારા અને વાંહળી ના તાલે પર પરંપરાગત નૃત્યો કરે છે. સામાજિક એકતા આ સાંસ્કૃતિક પ્રસંગે આસપાસના અનેક ગામોમાંથી મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો એકઠા થાય છે, જેથી પરસ્પર ભાઈચારો અને સામાજિક એકતા મજબૂત બને છે.

સાંસ્કૃતિક વારસો નવી પેઢી માં આપોઆપ તબદીલ નવી પેઢી આદિવાસી સંસ્કૃતિ, પરંપરાગત બોલી અને રિવાજોથી માહિતગાર થાય તે માટે આવા આયોજનો અનિવાર્ય છે. પરંપરાગત વેશભૂષા અને ભેટ નોતરાને માન આપીને જુદા જુદા ગામના લોકો પોતાના પરંપરાગત આદિવાસી વેશ પરિધાનમાં સજી-ધજીને નૃત્ય કરતાં અને દેવ માટે વિશેષ ભેટ લઈને ઉત્સવમાં ભાગ લેવા આવે છે.

### રોડ પરની ધૂળ હટાવવા ઉઠી માંગ

## જબુગામ: હાઈવે પર રેતીના થરથી અકસ્માતનો ખતરો, તંત્રની બેદરકારી



(પ્રતિનિધિ) બોડેલી, તા.14

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ રેતી માટે પ્રસિદ્ધિ એવા જબુગામ ગામે જબુગામ થી બોડેલી તરફ જતા માર્ગ પર હાઈવે નંબર 56 પર રોડ ની બંને બાજુ પર રેતીના થર અને થર જોવા મળે છે જેથી કરીને રોડ ઉપર ધૂળ ડમરી નો માહોલ પણ સર્જાય છે જ્યારે મોટા વાહનો તથા ટ્રેક્ટરો તે રેતી ના થર પર ચડી જતા હોય છે ત્યારે ખૂબ જ ધૂળ ઉડતી હોય છે અને જેના કારણે પાછળ ચાલતા મોટરસાયકલ ચાલકો માટે ભારે મુશ્કેલીઓ સર્જાતી હોય છે વધુમાં આ રેતીના થરના કારણે બાઈક ચાલકો સ્લીપ ખાઈને પડતા હોય એવા કેટલાક બનાવો બન્યા છે છતાં પણ નેશનલ હાઈવે ના અધિકારીઓ દ્વારા રોડ ઉપર ની ધૂળ હટાવવામાં આવતી નથી જેથી કરીને અવરજવર કરનાર વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે વહેલી તકે આ રોડની બંને બાજુના રેતીના થર હટાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## સામસામી ફરિયાદના આધારે ૭ ઈસમો સામે વડું પોલીસે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) પાદરા.તા.14

પાદરા તાલુકાના વડુ ગામમાં દિવાન ફળીયામાં થયેલી મારામારીના બનાવમાં સામસામે ફરિયાદો નોંધાવાનો મામલો સામે આવ્યો છે. અગાઉ નોંધાયેલી ફરિયાદ બાદ હવે બીજી તરફથી પણ ચાર વ્યક્તિઓ સામે વડુ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર વડુ દિવાન ફળીયામાં રહેતા શાગીરભાઈ યાકુબભાઈ દિવાન (ઉ.વ.૪૬) એ નોંધાવેલી ફરિયાદ મુજબ આબેદશા કાલુશા દિવાન, આફતાબરજા અજરૂદીન દિવાન, સબનમબાનુ અજરૂદીન દિવાન તથા અજરૂદીન આબેદશા દિવાન સાથે બોલાચાલી બાદ મારામારી થઈ હતી. ફરિયાદ મુજબ આફતાબરજાએ લાકડી વડે શહેબાજને ફટકા માર્યા હતા.

### દાખલો લીધાવિના નહીં જાઉ અરજદાર યુવતી રિસાઈ

## જાતિના પ્રમાણપત્ર માટે ધરમના ધક્કા ખવડાવતા મામલતદાર સામે ધારાસભ્યના આકરા તેવર

**ગરીબ** વિદ્યાર્થીઓ સાથે ચેડા નહીં ચલાવી લવ - ધારાસભ્ય



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.14

વાઘોડિયા તાલુકા પંચાયત અને સેવાસદન ખાતે હાલ જાતિના દાખલા લેવા માટે વિદ્યાર્થીઓને વાલીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. છતાં પણ અધિકારીઓ 45 ડિગ્રી ગરમીમાં વિદ્યાર્થીઓને રોજે રોજ ધર્મના ધક્કા ખવડાવી રહ્યા છે જેની રજૂઆત આજે લોક રજૂઆત સાંભળવા આવેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાને મળતા ધારાસભ્ય અધિકારી ઉપર ખીજવાયા હતા. આશરે 150 થી 200 ઉપરાંતનું ટોળું સરપંચો ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને આગેવાનો સાથે ધારાસભ્યને પુરાવા સાથે રજૂઆત કરી હતી.

શાળામાં પ્રવેશ માટે એસસી એસટી અને ઓબીસીના વિદ્યાર્થીઓને છેલ્લા ચાર પાંચ દિવસથી કંઈક ને કંઈક બહારના હેઠળ અધિકારીઓ ધક્કા ખવડાવતા અધિકારીની રૂબરૂમાં અરજદારોએ અધિકારીઓને ઉઘાડા પાડ્યા હતા. માતા-પિતા દાદા દાદીના જાતિના પ્રમાણપત્રો હોવા છતાં પણ 1951 પહેલાના ઉતારા મામલતદાર એસ એસ કછોટ દ્વારા માંગવામાં આવતા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરતા હોય તેવી રજૂઆત અરજદારો દ્વારા કરવામાં આવતા મામલતદારને જરૂરી ડોક્યુમેન્ટ ના આધારે જાતિના દાખલા પરથી દાખલો કાઢી આપવા ધારાસભ્યએ નમ્રતા સાથે રજૂઆત કરી બાળકોના શિક્ષણની ચિંતા કરી હતી.

જો કે ધારાસભ્યની રજૂઆતના છેદ ઉડાવતા મામલતદારે પોતાનું જિદ્દી વલણ અપનાવી અરજદારોને ધારાસભ્યની હાજરીમાં એલ ફેલ જવાબ આપતા ધારાસભ્ય ખીજવાયા હતા. તેઓ કહ્યું હતું કે મારી રૂબરૂમાં તમે આ પ્રકારનું વર્તન કરો છો તો મારી ગેરહાજરીમાં આ લોકો સાથે કેવો વ્યવહાર કરતા હશો. આ મારી પ્રજા છે બાળકોના ભવિષ્ય સાથે છેડા નહીં કરવા દવ અગાઉના અધિકારીઓ અને મામલતદાર દ્વારા વર્ષો જૂના આપવામાં આવેલા દાખલા શું ખોટા છે.?

## સાવલી તાલુકાના મંજૂસર સબ ડિવિઝનમાં વીજ પુરવઠો વારંવાર ખોરવાતા પ્રજા ત્રશ્ત



(પ્રતિનિધિ) સાવલી, તા.14

હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે તેના પગલે ઠંડક આપતા વીજ ઉપકરણો નો સહારો તાલુકાજનો લઈ રહ્યા છે પરંતુ ગરમી મા રાહત આપતા પંખો એ સી કુલર સહિતના ભૌતિક સાધનો વીજ કંપનીના વારંવાર ખોરવાતા વીજ પુરવઠા ના કારણે નિ:સહાય જોવા મળી રહ્યા છે અને તાલુકા જનો ને ગરમી માં સેકાવાનો વારો આવ્યો છે સાવલી ના ભાદરવા પંથકમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જતા તેમજ વીજવાયરો તૂટી પડતા તેમજ હાઈ વૉલ્ટેજ અને રીપેર કરવામાં ધાંધિયા સામાન્ય થઈ ગયો છે વારંવારની રજૂઆત કરવા છતાંય કોઈ નિકાલ ના આવતા ગતરોજ સમગ્ર પંથકવાસીઓ મોટી સંખ્યામાં રહ્યા સબ સ્ટેશન ખાતે જઈને લેખિતમાં રજૂઆત કરીને ઘટતું કરવાની માંગ કરી છે જો યોગ્ય નિકાલ નહીં આવે તો આંદોલનની લેખિત ચીમકી ઉચ્ચારવામાં આવી છે આ મુદ્દે પંથકના નાગરિકોએ રાણીયા સબ સ્ટેશન ખાતે જઈને લેખિત રજૂઆત કરી છે જે અંતર્ગત રાણીયા એસ.એસ. હેઠળના 20 ફીડર વિસ્તારમાં સ્ટાફ અપૂરતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે 12 હજારથી વધુ ગ્રાહકો માટે માત્ર 7 થી 8 હેલ્પર મુકાયેલા હોવાનો દાવો કરવામાં આવ્યો છે અને રાત્રિ દરમિયાન માત્ર બે જ લાઈન મેન ફરજ પર રહેતા હોવાનો ઉલ્લેખ કરીને સ્ટાફ વધારવાની માંગ કરી છે અને ઓછા લાઈનમાં અને સ્ટાફ ન કારણે સામાન્ય ખામી દૂર કરવામાં 2 થી 3 કલાકનો સમય લાગતો હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

## રંગપુર પોલીસને મળી મોટી સફળતા: યુવાનની હત્યાનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલાયો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.14

તા.૧૦/૦૫/૨૬ ના રાત્રીના મોટી સઢલી ગામે બનવા પામેલ હતો મરનાર રસીદભાઈ રેશ્માભાઈ ભાબર ઉ.વ.૧૮ નાઓ તા.૦૯/૦૫/૨૦૨૬ ના રાત્રીના મોટી સઢલી ગામે લગ્ન પ્રસંગમાં ગયો હતો તે દરમ્યાન રાત્રીના સમયે કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણોસર માથાના ભાગે તથા શરીરે ગેબી ઈજાઓ પહોચાડી હત્યા કરી હતી જે આધારે રંગપુર પો.સ્ટે.દ્વારા મરણજનારની લાશનુ પેનલ ડોકટરથી પી.એમ. કરાવતા મરણજનારનુ મોત માથાના ભાગે તથા શરીરના ગુપ્ત ભાગે ગંભીર ઈજાઓ પહોચાડવાથી થયેલ હોવાનુ જણાઈ આવ્યું હતું.

રંગપુર પોલીસ દ્વારા હ્યુમન સોર્સીસ અને ટેકનીકલ સર્વેલન્સની મદદથી ગુનો શોધી કાઢવા અલગ-અલગ ટીમો બનાવી કામગીરી હાથ ધરી હતી.

તપાસ દરમ્યાન મરણજનાર સાથે રાત્રીના સમયે લગ્નમાં જનાર માણસની પુછપરછ કરતા તા.૦૯-૧૦/૦૫/૨૦૨૬ ના રાત્રીના તેઓ તથા મરણજનાર બન્ને મોટી સઢલી ગામે લગ્ન પ્રસંગમાં ગયેલ ત્યારે તેઓ તથા મરણજનાર બોડગામ પલાસી ફળીયાની છોકરીઓ સાથે વાત કરતા હોય ત્યારે લગ્નમાં આવેલ છોકરીનો ભાઈ તેઓને જોઈ જતા તેણે તેના ફળીયાના બીજા માણસોને બોલાવી મોડી રાત્રીના ઉપરોક્ત બાબતની અદાવત રાખી કાયદા ના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર - ૦૪ તથા આરોપી-૦૨ સાથે કુલ -૦૬ જણાએ મળી મરણજનારને માથાના ભાગે હાથમાં પેરવાનુ ભોરીયા (કડુ) વડે ઘા મારી તથા ગુપ્ત ભાગે પગથી લાતો મારી એકબીજાને મદદગારી કરી હત્યા કરી હતી.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ ચોક્સી પાર્થ અરૂણકુમાર હતું, તે બદલી ને નવું નામ **પાર્થ અરુણભાઈ ચોક્સી** રાખેલ છે.

સરનામું : એ-૧૦૪, મધુવન ક્લબ લાઈફ, સિગ્નસ વર્લ્ડ સ્કૂલ પાછળ, ધ્યાન રેસિડેન્સી સામે, હરણી સમા લિન્ક રોડ, વડોદરા-૩૯૦૦૨૨